| Innovation ID | DTP0010000002728 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | ઓઈલ એન્જિમાંથી બનાવ્યું નાનું ટ્રેક્ટર | |
| Category | ખેત ઓજારો | |
| Notebook Number | lok (૩) ૨, Mar–Apr–૧૯૯૮, Pg No. ૫ | |
| Brief | ખેડ કરવા તથા વજન ખેંચવા માટે ઓઈલ એન્જિનથી ચાલતું ટ્રેક્ટર બનાવવું. | |
| Detail | જૂનાગઢ જિલ્લાના વાવડી ગામના મુળુભાઈ સેંજલિયાએ મોટી કંપનીના ઈજનેર જેવું કામ કરી બતાવ્યું છે. ઘરે ચાલીસ વીઘા જમીન છે. પોતે નાની એવી ઓજાર રીપેરીંગની દુકાન ચલાવે છે. ભણતર ઓછું પણ ગણતર પાકું. તેઓ પોતાની કોઠાસૂઝથી કંઈકને કંઈક નવું શોધ્યાં જ કરે છે. એક દિવસ ૪.૫ હોર્સપાવરનું ઓઈલ એન્જિન જોઈને વિચાર આવ્યો કે આ ઓઈલ એન્જિન જોડતી પુલી સાથે પટ્ટો જોડીને ટ્રેક્ટર જેવું વાહન બનાવ્યું હોય તો કેવું આ વિચારને આધારે લાકડાનું એક સ્ટેન્ડ બનાવી તેની ઉપર ઓઈલ એન્જિન બેસાડ્યું અને લાકડાના સ્ટેન્ડને ચાર ટાયર ફીટ કર્યા. પુલી અને પટ્ટો ફીટ કરી સેટ કર્યા પછી તેમાં ચલાવવા જરૂરી એવા અન્ય સાધનો જેમ કે સ્ટીયરીંગ, બ્રેક વિગેરે બનાવી આ માળખામાં ફીટ કર્યા. બધુ બરાબર ગોઠવી એન્જિનને હેન્ડલ મારી ચાલુ કર્યુ. આ ટ્રેક્ટર ખેડવામાં અને વજન ખેંચવામાં કામ લાગે છે.<br>મુળજીભાઈએ બનાવેલા ચાર પૈડાવાળા નાના ટ્રેકટરની વિશિષ્ટતાએ છે કે (૧)પાંચ ગિયર છે જેમાં ચાર હાઈ ગિયર અને એક રીવર્સ ગિયર,(૨)પુલીની ગતિમાં ગિયર છે જેથી શકિતનો પુરેપુરો ઉપયોગ થઈ શકે છે. (૩) ટ્રેકટરની કિંમત ૪૫૦૦૦ રૂપિયા જેટલી છે. (૪) આ ટ્રેકટર સાથે તેમણે બનાવેલી હાઈડ્રોલિક ટ્રોલી પણ જોડી શકાય છે. (૫) બધા જ પ્રકારના ખેતઓજાર જોડી શકાય છે. (૬) ૩૦ વિઘા જમીન માટે રૂ ૬૦ નું બળતણ જોઈએ છે. (૭) લગભગ ૮૦ મણ જેટલું વજન ખેંચી શકાય છે.<br>આ ટ્રેકટરની મર્યાદા વિશે મૂળુભાઈ જણાવે છે કે ટ્રેકટરને શરૂ કરવા માટે હેન્ડલ ઘુમાવવું પડે છે અને બીજું કે ટાયરના તળિયા લીસા હોવાથી ચાલતી વખતે જમીન સાથે બરાબર પકડાતા નથી એટલે ટાયર સ્લીપ થવાનો સંભવ રહે છે.<br>(આજથી લગભગ પાંચેક વર્ષ પહેલા સોરઠના કાલાવાડ ગામના ખેડૂત શ્રી ભાણજીભાઈ માથુકીયાએ ત્રણ પૈડાવાળું ટ્રેકટરબનાવ્યું છે. જે અંગે વધુ વિગત માટે જુઓ લોકસરવાણી વર્ષ–૧,અંકઃ૫–૬ પાના નં. ૨ થી ૪)<br><br>(નોંધઃ– આ પદ્ધતિનું પી.આઈ.સી. ૧૪ ઓગષ્ટ, ૨૦૦૬માં મહેન્દ્ર બી. વાઘેલાએ કરેલ છે.) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | પુલી, પટ્ટો, સ્ટીયરીંગ બ્રેક, હેન્ડલ | |
| IPR Status | | |
| Keywords | પુલી, પટ્ટો, સ્ટીયરીંગ, બ્રેક, હેન્ડલ, ઓઈલ, એન્જિન, નાનું, ટ્રેક્ટર, જૂનાગઢ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૭ | Member Type | Scout | | |
| First Name | જગદીશભાઈ | Middle Name | એલ. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | એમ. આર.એસ કોલેજ દાતા. મંજીલ | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૭૯ | Member Type | Innovator | | |
| First Name | મુળુભાઈ | Middle Name | શંભુભાઈ | Last Name | સેંજલીયા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. વાવડી | Taluka | ભેંસાણ | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતા મૂળજીભાઈ ઉમર ૨૮ વર્ષની છે તેમણે બે દિકરી અને એક દિકરો છે તેઓએ સાત ધોરણ સુધીનો અભ્યાસ કરેલ છે. મૂળુભાઈ અને બીજા ધનજીભાઈ એમ કુલ બે ભાઈ છે જે મોટા ધનજીભાઈ અને નાના મૂળજીભાઈ છે બંનેની કુલ ૬૦ વિઘા જમીન છે. પરંતુ હાલ મૂળજીભાઈના ભાગે ૩૫ વિઘા જમીન આવેલ છે ૩૫ વિઘા જમીનમાં તેઓ ખેતી કરે છે તેઓ ખેતી સાથે એક પંચરની દુકાન ચલાવે છે. સાથે મીસ્ત્રીનું કામ કરે છે અને સાથે-સાથે નવા-નવા ઉપયોગી સંશોધનો કરે છે. આ નવા-નવા સંશોધનો કરે છે. જમીન વધુ અને માણસો ઓછા બેને કંઈ રીતે પહોંચવુ તેના અનુસંધાન નવા-નવા સંશોધનો કરે છે. મૂળજીભાઈ છેલ્લા ૧૦ વર્ષથી ખેતી કરે છે. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | Taluka | માંડલ | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |